# શ્રી રામચંદ્ર મિશન
# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

નવેમ્બર ૨૦૦૯ | માત્ર અંગત પ્રકાશન માટે જ | વર્ષ ૨ અંક ૬


પ્રિય ભાઈઓ અને બહેનો,
પ્રણામ

અમને એ વાતની નોંધ લેતા ખૂબ જ આનંદ થાય છે કે એકોઝ ઈન્ડીયાનો વાચકવર્ગ અને પ્રચાર વધતો જાય છે. આ અંક માટે અમને મોટા ભાગના ક્ષેત્રોમાંથી ઘણાં લેખો મળ્યા છે.

જુલાઈ 2009માં તિરૂપુર ખાતે આપણા એકોઝ ઈન્ડીયાના સ્વયંસેવકોની મીટીંગ પછી લેખોની ગુણવત્તા તથા આવરી લેવાયેલા વિષયોમાં સુધારો થયો છે. આપણી પાસે જગ્યાની મર્યાદા હોવાને લીધે લેખોની પસંદગીનું કાર્ય ખૂબ જ કઠિન બની જાય છે.

આ અંકમાં પૂ.માસ્ટરની આંધ્ર પ્રદેશ, ઉત્તર કર્ણાટક તથા પશ્ચિમ બંગાળની મુલાકાતોને આવરી લેવામાં આવી છે. કલકત્તા પાસે ખડગપુર ખાતેના બીજા કેન્દ્રનું ઉદઘાટન આ યાત્રાનું મુખ્ય આકર્ષણ હતું.

ચેન્નાઈ તરફ પાછા ફરતાં મણપાક્કમ આશ્રમ દિવાળીની પ્રવૃત્તિથી ધમધમતો હતો.


આપણે અગણિત તાલિમના કાર્યક્રમો અને વિવિધ ક્ષેત્રોમાં યોજાયેલા 'ઓપન હાઉસ'ના કાર્યક્રમો, બેંગલોર ખાતે યોજાયેલ યુવાનો માટેનો કાર્યક્રમ, પ્રાદેશિક મેળાવડાઓ, જયપુર તથા એર્નાકુલમ ખાતે યોજાયેલ વીબીએસઈના કાર્યક્રમો અને ઉત્તરાખંડમાં યોજાયેલ પ્રશિક્ષકોની સભા આ અંકમાં આવરી રહ્યા છીએ. પનવેલ આશ્રમની રજૂઆત 'પ્રકાશનાં કેન્દ્રો' વિભાગમાં કરવામાં આવેલી છે.

આ અંકનો ફેલાવો તમારા ભાઈઓ–બહેનો, પરિવાર તથા પડોશમાં કરવા તથા વંચાવવા વિનંતી છે કે જેઓ આ સમાચારપત્ર સુધી પહોંચી શકતા નથી.

સ્નેહ સાથે,
સંપાદકો.

## .ચિત્તૂર (આંધ્ર પ્રદેશ)

પૂ.માસ્ટરે 13મી સપ્ટેમ્બર, રવિવારના રોજ બપોરે શ્રી અજયભાઈ ભટ્ટારના સથવારે આંધ્ર પ્રદેશ અને ઉત્તર કર્ણાટકાનો માર્ગ પ્રવાસ શરૂ કર્યો. ચિત્તૂર આશ્રમ ખાતે લગભગ 1000 કરતાં વધુ  અભ્યાસીઓએ પૂ.માસ્ટરનો ખૂબ જ પ્રેમ સાથે સત્કાર કર્યો હતો. લગભગ ત્રણ કલાકનો પ્રવાસ કર્યો હોવા છતાં પૂ.માસ્ટર ખૂબ જ ખુશખુશાલ જણાતા હતા. તેમના આગમન બાદ તરત જ થોડો વરસાદ પડ્યો, જેના લીધે આશ્રમના શાંત વાતાવરણમાં થોડો ઉમેરો થયો. પૂ.માસ્ટરે તેમના કોટેજની પાસે સાંજના પાંચ વાગે સત્સંગ કર્યો અને સૂચવ્યું કે ત્યાર પછી દિવસે સવારે 7.30 વાગે, 11.30 વાગે અને સાંજે 5.00 વાગે, એમ ત્રણ સત્સંગ રહેશે. ત્યાર પછીના તમામ કેન્દ્રોમાં આ એક નિયમ બની રહ્યો.








તા.14 સપ્ટેમ્બરે સવારે હાજર રહેલાં તમામને પૂ.માસ્ટરે એક અનૌપચારિક સત્ર દ્વારા ખુશ કરી દીધાં હતા. તેમણે કહ્યું, "આધ્યાત્મિકતામાં કોઈ ભવિષ્ય નથી. આપણે શું બનવું જોઈએ તેની ઈચ્છા કરીને આપણે આપણું ભાવિ ઘડીએ છીએ... એ એક કરૂણાંતિકા છે કે સ્થૂળ કક્ષાએ લોકો વિકાસ સાધવાનો પ્રયત્ન કરે છે, જ્યાં ખૂબ જ મર્યાદિત શક્યતાઓ છે. આધ્યાત્મિક કક્ષાએ અનંત શક્યતાઓ છે. આપણે વસ્તુઓને સાચી રીતે સમજવી જોઈએ. ધ્યાન આપણી અંદર શિસ્તનું સર્જન કરવા માટે છે. સફાઈ આપણને તૈયાર કરે છે. પ્રાણાહુતિ આપણને આધ્યાત્મિક વિકાસ કરવામાં મદદ કરે છે. પ્રશિક્ષકોએ આ બધી બાબતો અંગે બોલવું જોઈએ. તેઓ ભાગ્યે જ આવું કરે છે."





તે રાત્રીએ તેઓ ભોજનબાદ 8.45 વાગે બહાર આવ્યા હતા, જેથી તેમના કોટેજની બહાર તેમની રાહ જોઈને શાંતિથી બેઠેલાઓને ખૂબ જ આનંદ થયો હતો. તેઓ ત્યારબાદ લગભગ અડધો કલાક સુધી આપણી જાતનું પુન:મૂલ્યાંકન કરવાની તથા આપણી જાતને ભાવિ તરફઆગળ વધવાની જરૂરિયાત પર બોલ્યા હતા.

(http://www.sahajamarg.org/literature/online/speechees/reappraiseyourself) તા.15 સપ્ટેમ્બરે પૂ.માસ્ટર કડપ્પા જવા માટે નીકળ્યા હતા.

તેઓ લગભગ બપોરની આસપાસ કડપ્પા પહોંચ્યા અને લગભગ 1500 અભ્યાસીઓએ તેમનું ખૂબ જ ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું હતું. નવો બંધાયેલો મેડિટેશન હોલ, કે જેમાં 1000 અભ્યાસીઓ બેસી શકે છે, તેને ખૂબ સરસ રીતે શણગારવામાં આવેલો હતો તથા આશ્રમની જગ્યાએ (3 એકર, 30 સેન્ટ્સ) ખૂબ જ શોભતો હતો. પૂ.માસ્ટરે તેમના આગમન બાદ તરત જ મેડિટેશન હોલનું ઉદઘાટન કર્યું અને સાંજે 4.30 વાગે સમૂહ સીટીંગ આપી હતી. જ્યારે કેટલાક અભ્યાસીઓ પોતાના બાળકોના નામકરણ માટે તેમને મળવા ગયા ત્યારે પૂ.

માસ્ટરે ત્યાં ભેગી થયેલી સ્વયંસેવકોની ટૂકડીને આશીર્વાદ આપ્યા કે જેમણે દેખીતી રીતે નાના ગણાતા આ કેન્દ્રમાં ખૂબ પ્રશંસનીય કાર્ય કર્યું હતું અને પછી નંદયાલ જવા નીકળી ગયા.

પૂ.માસ્ટર નંદયાલ સેન્ટરની સર્વપ્રથમ વાર મુલાકાત લીધી. રાજ્યના ખૂણે ખૂણેથી આવેલા લગભગ 2000 અભ્યાસીઓએ પૂ.માસ્ટરનું સ્વાગત કર્યું.

શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

Master's Tour

નવેમ્બર ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે જ વર્ષ ૨ અંક ૬





NANDYAL KURNOOL

પૂ.માસ્ટરના કોટેજ તરફ જતી ચાલવાની કેડી ઉપર લાઈનબંધ ફૂલછોડ ગોઠવાચાં હતાં. પૂ.માસ્ટરે સૌ પ્રથમ તેમના કોટેજનું ઉદઘાટન કર્યું અને ત્યારબાદ તેની બાજુમાં આવેલા મેડિટેશન હોલ તરફ તેઓ ચાલતા ગયા હતા અને રીબીન કાપીને તેનું ઉદઘાટન કર્યુ. ત્યાર પછીના દિવસે, તા.17મી સપ્ટેમ્બરે પૂ.માસ્ટરે એક અભ્યાસી પરિવાર દ્વારા ચલાવવામાં આવતી શૈક્ષણિક સંસ્થાની મુલાકાત લીધી હતી. ત્યાર પછીનું રોકાણ કુરનુલ ખાતે હતું, જે નંદયાલથી આશરે 90 કિ.મી.ના અંતરે છે.

પૂ.માસ્ટર સવારે 11.20 વાગે કુરનુલ પહોંચ્યા હતા. તેમના આગમન બાદ તરત જ તેમણે મેડિટેશન હોલનું ઉદઘાટન કરી તેને પૂ.બાબુજી મહારાજને સમર્પિત કર્યો હતો. જેના પછી સમૂહધ્યાનની સીટીંગ આપી હતી, જેમાં 1500 કરતાં પણ વધુ અભ્યાસીઓએ હાજરી આપી હતી. ત્યારબાદ તેમણે તેમના કોટેજનું ઉદઘાટન કર્યું હતું, જે મેડિટેશન હોલના મકાનનો જ એક ભાગ છે. તેઓ જ્યારે કોટેજ તરફ જઈ રહ્યા હતા, ત્યારે કોઈ અભ્યાસીએ કહ્યું કે આશ્રમ ખૂબ જ સરસ છે. પૂ.માસ્ટરે જવાબ વાળ્યો કે બધા જ આશ્રમો સરસ હોય છે. સારા આશ્રમોનું બાંધકામ કોઈ પણ કરી શકે છે પણ તેઓ વધુ સારા અભ્યાસીઓ ઈચ્છે છે.

પૂ.માસ્ટર સાંજે બહાર આવીને બેઠા હતા અને અભ્યાસીઓની સાથે વાતો કરતા હતા.

- તેમણે કહ્યું કે જેમ એક બાળકને આરામની જરૂર હોય છે, તેમ તેમની ઉંમરે પણ લોકોને આરામની જરૂર હોય છે. મહાભારતમાંથી ધૃતરાષ્ટ્રના શબ્દોનો ઉલ્લેખ કરતાં માસ્ટરે કહ્યું કે આપણે જ્યારે ઈચ્છીએ ત્યારે ઊંઘ નથી આવતી પણ તે જ્યારે આવે ત્યારે ઊંઘવું પડે છે.
- પૂ.માસ્ટરે જણાવ્યું કે 5000 અભ્યાસીઓના જૂથને બગાડવા માટે 50 ખરાબ અભ્યાસીઓ પૂરતા છે. તેમણે દૂધના વિશાળ જથ્થામાં ઝેરનું ટીપું ઉમેરવાનું ઉદાહરણ આપ્યું.
- અભ્યાસીઓ પૈકીના એકે સ્પષ્ટતા માગતા પૂછ્યું, અભ્યાસીઓના બાળકો 16 વર્ષની ઉંમરે સાધના કરી શકે કે નહીં.પૂ.માસ્ટરે જણાવ્યું કે આપણે યોગ્ય સમયની એટલે કે 18 વર્ષની ઉંમર સુધી રાહ જોવી જોઈએ. તેમણે 12 વર્ષના એક એવા બાળકનું ઉદાહરણ આપ્યું કે જેને એક સુવિવાહિત યુગલને જોઈને સુખી થવા માટે તરત જ લગ્ન કરવાની ઈચ્છા હોય છે, તેને મંજૂરી અપાતી નથી. દરેક વસ્તુ માટે એક યોગ્ય સમય હોય છે.

તા.18 સપ્ટેમ્બરના રોજ સવારે 7.30 વાગે પૂ.માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો અને ત્યારબાદ તેઓ 9.0 વાગે ગઢવાલ થઈને રાયચૂર, કર્ણાટકા જવા માટે રવાના થઈ ગયા હતા. ગઢવાલમાં તેઓ થોડો સમય રોકાયા હતા, જેને કારણે તેમની ઝલક મેળવવા રાહ જોઈને ઊભા રહેલા અભ્યાસીઓ ખૂબજ આનંદિત થઈ ગયા હતા. તેઓ લગભગ અઢી કલાકની મોટરની મુસાફરી બાદ રાયચૂર પહોંચ્યા હતા, જેમાં છેલ્લા એક કલાકની યાત્રા આરામદાયક ન રહી કારણ કે રોડ સાંકડો હતો અને તેમાં છેલ્લા કેટલાક સપ્તાહથી સતત વરસાદ પડી રહ્યો હતો.

રાયચૂર આશ્રમ એ આપણા મિશનના શરૂઆતના આશ્રમો પૈકીન્ એક છે, જેનું પૂ.બાબુજી મહારાજે 1970માં ઉદઘાટન કર્યું હતું. પૂ.માસ્ટરે 22 વર્ષ બાદ આ આશ્રમની મુલાકાત લીધી હતી. તેમના આગમન સમયે કર્ણાટ્કના વિવિધ કેન્દ્રોના 1300 અભ્યાસીઓના સમૂહે તેમને અભિનંદન આપ્યા હતા. પૂ.માસ્ટરે તેમના કોટેજનું ઉદઘાટન કર્યુ, જે મેડિટેશન હોલના મુખ્ય મકાનનો એક ભાગ છે.

તા.19 સપ્ટેમ્બરે સત્સંગ અને નાસ્તા પછી સવારે 7.45 વાગે પૂ.માસ્ટરે હૈદ્રાબાદ તરફ પ્રયાણ કર્યું. તે મુસાફરી લગભગ 250 કિ.મી.ની હતી. લગભગ 100 કિ.મી હંકાર્યા પછી, થોડાક આરામ મટે પૂ.માસ્ટરે મહેબૂબનગર ખાતે એક ગેસ્ટ હાઉસમાં રોકાણ કર્યું. પણ એમ ક્યાં તેમને આરામ મળવાનો હતો? તેમણે જ્યાં આરામ માટે રોકાણ કર્યું હતું, તે જગ્યાએ લગભગ 100 અભ્યાસીઓ તેમની રાહ જોઈને બેસી રહ્યા હતા. પૂ.માસ્ટરે કહ્યું કે જ્યારે અભ્યાસીઓ તેમની રાહ જોતાં હોય, ત્યારે તે અભ્યાસીઓ પ્રત્યે ધ્યાન આપવા માટે તેઓ ફરજથી બંધાયેલા હોય છે. તેઓ બહાર આવ્યા અને સત્સંગ કરાવ્યો. સ્થાનીક` તે અંગે પૂછપરછ કરી અને તેમને શાબાશી આપીને કહ્યું કે તેઓ ખુશ છે. ત્યારબાદ તેમણે તરત જ આગળનો પ્રવાસ શરૂ કર્યો. બપોરના ભોજન માટેના ટૂંકા રોકાણ બાદ તેમણે હુમકુંટા (હૈદરાબાદ) તરફ જવાનું શરૂ કર્યું. ત્યાં તેઓ આઠ કલાક કરતાં પણ વધારે સમયની મુસાફરી બાદ સાંજે 4.20 વાગે પહોંચ્યા હતા. ત્યાં હાજર અભ્યાસીઓએ તેમનું સ્વાગત કર્યું હતું, કે જે આશ્રમના મુખ્ય દરવાજાથી તેમના કોટેજ સુધી શાંતિથી કતારબંધ ઊભા હતા. પૂ.માસ્ટર જોકે ચેન્નાઈથી જમીન માર્ગે સૌથી લાંબી મુસાફરી કરીને થાકી ગયા હોવા છતાં ઘણા ખુશ દેખાતા હતા.

પ્રશિક્ષકને તેમણે તે અંગે પૂછપરછ કરી અને તેમને શાબાશી આપીને કહ્યું કે તેઓ ખુશ છે. ત્યારબાદ તેમણે તરત જ આગળનો પ્રવાસ શરૂ કર્યો. બપોરના ભોજન માટેના ટૂંકા રોકાણ બાદ તેમણે હુમકુંટા (હૈદરાબાદ) તરફ જવાનું શરૂ કર્યું. ત્યાં તેઓ આઠ કલાક કરતાં પણ વધારે સમયની મુસાફરી બાદ સાંજે 4.20 વાગે પહોંચ્યા હતા. ત્યાં હાજર અભ્યાસીઓએ તેમનું સ્વાગત કર્યું હતું, કે જે આશ્રમના મુખ્ય દરવાજાથી તેમના કોટેજ સુધી શાંતિથી કતારબંધ ઊભા હતા. પૂ.માસ્ટર જોકે ચેન્નાઈથી જમીન માર્ગે સૌથી લાંબી મુસાફરી કરીને થાકી ગયા હોવા છતાં ઘણા ખુશ દેખાતા હતા

રવિવાર 30મી સપ્ટેમ્બરની સવારે પૂ.માસ્ટર સવારે 7.10 વાગે મેડિટેશન હોલમાં આવી ગયા હતા. 6000ને ક્ષમતા ધરાવતા વિશાળ ખંડનું પૂ.માસ્ટરે થોડીવાર સુધી આનંદપૂર્વક નિરીક્ષણ કર્યું, હોલ પૂરેપૂરો ભરાઈ ગયો હતો. આ સ્થળે ભંડારા જેવું વાતાવરણ હતું.

RAICHUR MAHBOOBNAGAR





શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર
Master's Tour
નવેમ્બર ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે જ વર્ષ ૨ અંક ૬





લોકો સમગ્ર રાજ્યમાંથી તેમજ આજુબાજુના રાજ્યોમાંથી પણ આવ્યા હતા. મોટાભાગના લોકોનો આશ્રમસ્થળે જ પાંચ મોટા પંડાલમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. દરેક પંડાલની ક્ષમતા ૮૦૦ કરતાં વધારે હતી. એવું ધારવામાં આવ્યું હતું કે લગભગ, બાળકો સહિત અંદાજે ૭૦૦૦ લોકો ત્યાં ઉપસ્થિત હતા.

૨૧મી સપ્ટેમ્બરના રોજ સવારે ૭:૩૦ વાગે શ્રી અજયભાઈએ સત્સંગ કરાવ્યો. સાંજે બહેન સૌમ્યાનું ભારતનાટ્યમ નૃત્ય હતુપૂ. માસ્ટર મેડિટેશન હોલમાં આવ્યા અને એક કલાકના આ કાર્યક્રમ દરમ્યાન ત્યાં બેઠા. તે કાર્યક્રમમાં માતા યશોદાનો તેના પ્રિય પુત્ર કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ અને તડપ દર્શાવાયા હતા.

૨૨ મી સપ્ટેમ્બર ના રોજ સવારે ૧૦:૩૦ વાગે પૂ.માસ્ટરનો પાછા જવાનો સમય હતો. જ્યારે પૂ.માસ્ટર તેમની કારમાં પસાર થઈ રહ્યા હતા, ત્યારે અભ્યાસીઓએ શિસ્તપૂર્વક લાઈનમાં ઊભા રહીને તેમની માસ્ટર પ્રત્યેની પ્રેમાળ કૃતગ્નતા દર્શાવી.

શહેરમાં, એરપોર્ટથી ૩૦ મિનીટના અંતરે રહેતા એક અભ્યાસીના ઘરે પૂ.માસ્ટર રાત્રી દરમ્યાન રોકાવવાના હતા. ૨૩મીની રાત્રી શાંતિથી, આરામ સાથે પસાર કરી, સવારે પૂ.માસ્ટર એરપોર્ટ જવા નીકળ્યા.

આ રીતે આપણાં વહાલા માસ્ટરની ૧૦ દિવસ લાંબી, મોટરમાર્ગ દ્વારા કરેલી મુસાફરી આંધ્રપ્રદેશ, કર્ણાટક અને ફરી પાછા આંધ્રપ્રદેશમાં પૂરી થઈ. આ પ્રવાસ દરમિયાન તેમની કૃપા, પ્રેમ, સમર્પણ અને તત્પરતાના દર્શન થયા. તેમણે તેમના રોજિંદા કાર્યો ઉપરાંત ૧૦ પ્રશિક્ષકો પણ તૈયાર કર્યા. નંદયાલમાં એક ૧૦ વર્ષના છોકરાએ ઘણા પ્રેમથી તેમને એક દિવસ વધારે રોકાઈ જવા માટે કહ્યું કારણકે આ તેમની પ્રથમ મુલાકાત હતી. ત્યારે માસ્ટરે તેને પ્રશ્ન પૂછ્યો કે, "એવી કઈ વસ્તુ છે કે જે વૃધ્ધ માણસ પાસે ઓછી હોય છે અને યુવાન પાસે વધુ હોય છે?" તે છોકરાએ ઘણા જવાબો આપવા પ્રયત્નો કર્યા. અંતે માસ્ટરે તેને કહ્યું કે તેનો જવાબ" 'સમય' છે. તેમણે કહ્યું કે, તું યુવાન છોકરો છે અને તારી પાસે ઘણો સમય છે, પરંતુ હું વૃધ્ધ છું અને મારી પાસે સમય થોડો છે અને કામો ઘણાં કરવાના છે. તેથી મારે કુરનુલ જવું જ પડશે." કહેવાની જરૂર નથી કે આવી તત્પરતાની ઝલક તેમના સમગ્ર પ્રવાસ દરમ્યાન જોવા મળી હતી.

### કોલકતા

પૂ.માસ્ટર અહીં ૨૩મીના રોજ પધાર્યા અને સીધા જ આશ્રમમાં ગયા. આંધ્રપ્રદેશ અને કર્ણાટકની મોટરકાર દ્વારા કરેલી લાંબી મુસાફરી બાદ તેમણે બાકીનો દિવસ આરામ કરીને પસાર કર્યો. ૨૪મીની સાંજે અને ૨૫મીની સવારે અને સાંજે પૂ.માસ્ટરે સત્સંગ કરાવ્યો. ૨૬મીના સવારે સત્સંગ પછી માસ્ટરે લગભગ ૪૦ ભાગ લેનારા અભ્યાસીઓનો 'પ્રથમ સ્કોલરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામ– ઈન્ડિયા'નું ઉદઘાટન કર્યું. તેમણે ભાગ લેનારાઓને પ્રશ્નો પૂછવાના ઉત્સાહનો વિકાસ કરવા તેમજ વિવેક શોધીને પામવાનો અનુરોધ કર્યો. તેમણે તેમને માત્ર મગજથી નહીં, પરંતુ દિલથી ધ્યાન દેવા જણાવ્યું.(http://www.sahajmarg.org/literature/online/speeches/the-spirit-of-inquiry) ગુરુ હોવાથી મળતા શિક્ષણ અને ડહાપણ વિશે વેદોમાં જે કહેવાયું છે, તેને ટાંકીને ભાઈ બાલસુબ્રમનીયમે સહજ માર્ગના સિદ્ધાંતો વિશે ખૂબ ઊંડાણપૂર્વક કહ્યું.





KOLKATA



KHARAGPUR

### ખડગપુર

૨૬મીએ સાંજે પૂ.માસ્ટર ભાઈ અજયના નિવાસસ્થાને ગયા અને બીજે દિવસે સવારે 'ક્રેસ્ટ', ખરગપૂર જવા રવાના થયા. તેઓ ત્યાં લગભગ ૧૧ વાગે પહોંચ્યા અને કોટેજમાં થોડાક વિશ્રામ પછી તેઓ આખા વિસ્તારમાં ફર્યા. તેમણે મેડિટેશન હોલ, લાઈબ્રેરી સાથેની ઓફિસનો વિભાગ, ડાયરેક્ટરનું રહેઠાણ અને ઓફિસ તેમજ ફેકલ્ટી રૂમોની મુલાકાત લીધી. તેઓ કાર્યની ગુણવત્તા જોઈને ખુશ જણાતા હતા. તેમણે રસોડાનું ઉદઘાટન કર્યું અને કેન્ટીનની મુલાકાત લીધી, પછી છેલ્લે તેઓ વર્ગખંડમાં પહોચ્યા. વર્ગખંડ આધુનિક સુવિધાઓથી સજ્જ છે. થોડીવાર ત્યાં બેસીને તેમણે ઔપચારિક રીતે કહ્યું કે, "ઓછામાં ઓછા સાધનો દ્વારા વધુમાં વધુ મેળવવું તેનું નામ કાર્યકુશળતા. ઈશ્વરની વ્યાખ્યા છે, શૂન્ય 'ઈન્પુટ' અને અનંત 'આઉટપુટ' (પરિણામ). આના માટે આપણે પ્રયત્ન કરવો જોઈએ."

સવારે ૫ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યા સુધી સ્કોલરશીપ પ્રોગ્રામ ખૂબજ વ્યસ્તતાપૂર્વક ચાલ્યો. ઘણા વિષયો પર વક્તવ્યો હતા, જેમ કે મિશનમાં સેવા, દસ નિયમો અને ચારિત્ર્ય નિર્માણ, સહનશક્તિ અને કરુણા, પ્રસાદ અને મિશનનું ચિન્હ, ત્રણ ગુરુજીઓ, સહજ માર્ગનું મૂળ, નીતિ અને સદાચાર, પરિવર્તન, સતત સ્મરણ, એસએમએસએફ, એસએમઆરટીઆઈ અને એસએચપીટી તથા ઓપન હાઉસનું સંચાલન કેવી રીતે કરવું, વગેરે.

# શ્રી રામચંદ્ર મિશન
# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

નવેમ્બર ૨૦૦૯ | માત્ર અંગત પ્રકાશન માટે જ | વર્ષ ૨ અંક ૬




MASTER'S COTTAGE ADMIN BLOCK DINING & KITCHEN DORMITORIES MEDITATION HALL

એક સાંજે જ્યારે તેઓ અભ્યાસીઓ જોડે બેઠા હતા, ત્યારે 'આપણે ઈચ્છાઓને કેવી રીતે દૂર કરવી' તે પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું હતું, "આપણે પહેલાં નાની ઈચ્છાઓ દૂર કરવાની શરૂઆત કરીને મોટી ઈચ્છાઓ દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ."

૨૮મી સપ્ટેમ્બરે પૂ.માસ્ટરે વિધિપૂર્વક મેડિટેશન હોલ પરની રીબન કાપીને ખડગપુરના 'ક્રેસ્ટ'નું ઉદઘાટન કર્યું. સત્સંગ પછી તેમણે આ 'ક્રેસ્ટ'ના હેતુઓ વિષે કહ્યું અને ફક્ત ભગવદગીતા પર જ એક આખો કાર્યક્રમ ગોઠવવાની તેમની ઈચ્છા વિષે તેમણે જણાવ્યું. તેમણે આશા વ્યક્ત કરી કે બધા રોજ ગીતામાંથી એક અધ્યાય વાંચે, સમજે તેમજ પૃચ્છા કરે કે તે શું કહેવા માંગે છે. આ 'ક્રેસ્ટ' બેંગલોરના 'ક્રેસ્ટ' કરતાં જુદું હશે અને અહીં 'નીતિ અને સદાચાર' ઉપર વધારે ભાર મૂકવામાં આવશે.
(http://www.sahajmarg.org/literature/online/speeches/dare-to-think).

"તો હું ઈચ્છું છું કે તમે સૌ તમારી પોતાની વિશ્વાસની પધ્ધતિના નિરીક્ષણમાં ભાગ લો કે તે ખરેખર કેવી હોવી જોઈએ અને તે કેવી છે. તેની ચર્ચા વિચારણા કરવા માટે તમે સજ્જ થઈને આવો, તેના વિષે હિંમતથી, ખુલ્લા દિલથી બોલો અને એ રીતે આ સંસ્થાને તેના અસ્તિત્વ માટે યોગ્ય ઠેરવો. આ એના માટે જ બનાવવામાં આવ્યું છે અને તેનો ઉપયોગ એવી રીતેજ થવો જોઈએ."
('ક્રેસ્ટ', ખડગપુર)




ભેજવાળુ વાતાવરણ હોવા છતાં તેમજ ખૂબ જ વ્યસ્ત કાર્યક્રમ હોવાં છતાં પણ પૂ.માસ્ટરની બે દિવસ માટેની ઉપસ્થિતિને લીધે બધાં વિદ્વાનો તે પછીનાં બંને દિવસ ખૂબજ ઉત્સાહિત રહ્યા. ૩૦મીની સાંજે તેમણે તેમના સમાપન વકતવ્યમાં કહ્યું, "કે એક સંતની લાક્ષણિકતાઓ શું હોય છે? મુખ્ય વસ્તુ છે, સંપૂર્ણ સંતુલન. સુખ અને દુ:ખમાં તેના વ્યવહારમાં કોઈ પરિવર્તન નહીં, સ્વાસ્થ્ય અને બિમારીમાં તેના વ્યવહારમાં કોઈ પરિવર્તન નહીં, અંદર અને બહાર એકસરખા– સંપૂર્ણ સંતુલન. તો આપણે યાદ રાખવું જોઈએ કે આવી તકો બધાંને મળતી નથી, કે તે વારંવાર આવતી પણ નથી. આ તક તમને મળી છે, મને લાગે છે કે તે મારા ગુરૂદેવની કૃપાથી મળી છે. કંઈક તમને અહીં લઈ આવ્યું છે; તો પ્રાર્થના કરો કે તે તમને હંમેશા અહીં રાખે, મારો કહેવાનો મતલબ છે કે શીખવાનું ચાલુ રાખીને, કાર્ય કરવાનું ચાલુ રાખીને, સતત સાધના કરીને; એ યાદ રાખીને, કે તે તમારા પર નિર્ભર છે, ઈશ્વર પર નહીં."
(http://www.sahajmarg.org/literature/online/speeches/Only-Purpose-Of-Life)

બીજી સવારે ૬ વાગે જ્યારે પૂ.માસ્ટર તેમની કોફી પીતા હતા, ત્યારે વિદ્વાનોને તેમજ ત્યાં ઉપસ્થિત લોકોને વહેલી સવારનો સમય પૂ.માસ્ટર સાથે બેસીને ગાળવાનો લ્હાવો મળ્યો. તેમની વિનોદી વાતો અને વાર્તાઓથી તેમણે લગભગ અડધો કલાક સુધી અભ્યાસીઓને જકડી રાખ્યા. આમ તેમની ખડગપૂરની યાત્રાનો અંત આવ્યો અને નાસ્તો કર્યા બાદ તેઓ કોલકતા જવા રવાના થયા.









## ચેન્નાઈ

પૂ.માસ્ટર રજીના રોજ કોલકતાથી રવાના થઈને બપોરે બે વાગેમણપાક્કમ આશ્રમ, ચેન્નાઈ પહોંચ્યા. મોટરકારની ઘણી મુસાફરીઓ થઈ હોવાથી તેઓ તેમની લાંબી યાત્રા બાદ થાકેલા જણાતા હતા. પૂ.માસ્ટરે મણપાક્કમમાં દિવાળી પહેલાનું અઠવાડિયું શાંતિથી પસાર કર્યુ. રવિવાર ૧૧મી ઓકટોબરથી અભ્યાસીઓ આવવા માંડ્યા. પૂ.માસ્ટર તેમના કાર્યમાં વ્યસ્ત રહેવા લાગ્યા પણ જે અભ્યાસીઓ તેમને મળવા આવતા હતા તેમના માટે પણ તેઓ સમય કાઢી લેતા હતા.

શુક્રવારે ૧૬મી ઓકટોબરે પૂ.માસ્ટરે બેકરી વિભાગનું (રૂચી બેકરીના નામે) ઉદઘાટન કર્યું. તેઓ તેમની ગોલ્ફકારમાં રસોડામાં ગયા, તે વખતે રસ્તાની બંન્ને બાજુએ હજારો અભ્યાસીઓ તેમના દર્શન માટે ઊભા હતા. તેમણે તાજી બનેલી અમુક વાનગીઓ ચાખી અને ત્યાં વેચાણ કરીને વિધિપૂર્વક કાર્યવાહીની શરૂઆત કરી. શનિવાર, ૧૭મી ઓકટોબરના રોજ દિવાળી હતી –પ્રકાશનો તહેવાર. પૂ.માસ્ટર વહેલી સવારે ઉઠીને તૈયાર થઈ ગયા હતા. અભ્યાસીઓ વહેલી સવારથી જ માસ્ટરના દર્શનની રાહ જોઈ રહ્યા હતા. માસ્ટર સૌને શાંતિથી મળ્યા અને તેમણે ઉત્સવની શુભકામનાઓ પાઠવી.

પૂ.માસ્ટરે લગભગ ૫૦૦૦ અભ્યાસીઓની હાજરીમાં સવારનોસત્સંગ કરાવ્યો. તેમણે ઘણાં નવા પુસ્તકોનું વિમોચન કર્યું. તે સાંજે ગુજરાતના અભ્યાસીઓએ ગરબાનું આયોજન કર્યું હતું. પૂ.માસ્ટરે અડધો કલાક બેસીને કાર્યક્રમ નિહાળ્યો અને ભાગ લેનાર કલાકારોને તેમની રજૂઆત માટે અભિનંદન આપ્યા. પૂ.માસ્ટરની કોટેજને લાઈટ તેમજ દીવાઓથી શણગારવામાં આવ્યું હતું અને જાણે પરીકથા જેવું તે અદભૂત લાગતું હતું.

અભ્યાસીઓ ઉત્સવના વાતાવરણ વચ્ચે પ.માસ્ટારની ઉપસ્થિતિમાં સમય ગાળીને લાભાન્વિત થવાથી ખબજ ખશ હતા.

# શ્રી રામચંદ્ર મિશન
# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

નવેમ્બર ૨૦૦૯ | માત્ર અંગત પ્રકાશન માટે જ | વર્ષ ૨ અંક ૬


## અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ્સ (એટીપી)

"અહીં આપણે આપણા કુતુહલને પ્રોત્સાહન આપવા માટે કે ઉત્તેજન આપવા માટે નથી આવ્યા. બાબુજીના કહેવા પ્રમાણે આપણે અહીં આઈ–એન–ક્યુ–યુ–આઈ–આર–વાય (ઈન્કવાયરી) પૃચ્છા માટે છીએ, આત્માને જાણવા માટે, વસ્તુને જાણવા માટે, વસ્તુની પ્રકૃતિને જાણવા માટે અને જીવનના માર્ગ પાછળની ફિલસુફી જાણવા માટે આવ્યા છીએ." – પી.રાજગોપાલાચારી., કોલકતા, સપ્ટેમ્બર ૨૬ ૨૦૦૯

સહજ માર્ગના નવા અભ્યાસીઓ માટે આખા દેશમાં ઘણા બધા ટ્રેનીંગ પ્રોગ્રામ્સ અને ઓપન હાઉસ યોજવામાં આવે છે. પ્રશિક્ષકો અને અનુભવી અભ્યાસીઓ તેમના અનુભવો અને એસએમઆરટીઆઈ ટ્રેનીંગ મટીરીયલ્સ સાથે તેમને માર્ગદર્શન આપે છે અને લક્ષ્ય સુધી પહોંચવા માટે તેમને પ્રોત્સાહિત કરે છે.

એસએમઆરટીઆઈ લેવલ–૧ ઈન્ડકશન ટ્રેનીંગ પ્રોગ્રામનો હેતુ, નવા અભ્યાસીઓને તેમની સાધના માટે પાયાની અને પધ્ધતિસરની જાણકારી આપવાનો છે. વિવિધ જગ્યાએથી એકઠી કરેલી, આપણા ગુરુજીઓએ આપેલા સહજ માર્ગ સાધનાના મુખ્ય તત્ત્વોના સંગ્રહની ઓડિયો અને વીડિયો કલીપીંગ્સ બતાવવામાં આવે છે. ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓકટોબર મહિનામાં યોજાયેલા જુદા જુદા ટ્રેનીંગ પ્રોગ્રામ્સ અનેવર્કશોપની માહીતિ, આપણને મિશનની ભારતમાં ચાલતી પ્રવૃત્તિઓનું ચિત્ર બતાવે છે.



યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં ૨૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો.

૧૯મી સપ્ટેમ્બર થી ૨૧મી સપ્ટેમ્બર દરમિયાન મધ્યપ્રદેશના ગ્વાલિયર કેન્દ્રમાં ૫૦ અભ્યાસીઓ સાથે ત્રણ દિવસનો એટીપી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મધ્યપ્રદેશના જુદા જુદા કેન્દ્રોના નિષ્ણાતો દ્વારા જુદા જુદા વિષયો ઉપર વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો, જેમ કે ટ્રેનીંગનો હેતુ, આધ્યાત્મિકતાની જરૂરિયાત, સ્વ

ચંસેવા અને માસ્ટર પ્રત્યેનો પ્રેમ. બે ડીવીડી, 'ટુ બી લાઈક ધ માસ્ટર' અને 'અવેકન નાઉ', બતાવવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં અભ્યાસીઓએ આધ્યાત્મિક યાત્રાને ગંભીરતાથી લેવાનું વચન આપ્યું હતું.

આલુવા ખાતે આવેલા, કેરાલાના ઝોનલ આશ્રમમાં, તાજેતરમાં જોડાયેલા લગભગ ૫૦ અભ્યાસીઓ માટે, ૧૧મી ઓકટોબર, રવિવારના રોજ, મલયાલમ ભાષામાં ટ્રેનીંગ પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. સહજ માર્ગ



CHITTAPUR



SEDAM



GWALIOR

બેંગલોરના ભાઈ વિશ્વનાથ અને બહેન વિજ્યાલક્ષ્મી દ્વારા પહેલો એટીપી કાર્યક્રમ કન્નડ ભાષામાં, મુલબગલ, કર્ણાટક ખાતે, ૬ઠ્ઠી સપ્ટેમ્બરે યોજવામાં આવ્યો હતો. નજીકના માલુર, કોલાર અને કે.જી.એફ કેન્દ્રના અભ્યાસીઓ સાથે કુલ ૫૦ અભ્યાસીઓએ તેમાં ભાગ લીધો હતો. મોટા ભાગના અભ્યાસીઓ દ્વારા કાર્યક્રમને ઉત્સાહપૂર્વક આવકારવામાં આવ્યો હતો.

૧૩ સપ્ટેમ્બરના રોજ, ઓરિસ્સાના રૂરકેલા કેન્દ્રમાં એટીપી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૨૨ અભ્યાસીઓએ તેમાં ભાગ લીધો હતો. કાર્યક્રમ પૂરો થતાં પહેલાં એક પ્રશ્નોત્તરી યોજવામાં આવી હતી, જે અભ્યાસીઓને તેમની સાધના વિષેની શંકાઓ દૂર કરવામાં મદદરૂપ બની હતી.

૧૧મી ઓકટોબરના રોજ, ઉત્તર કર્ણાટકના ગુલબર્ગ જિલ્લાના ચિતાપૂર કેન્દ્રના ૨૦ અભ્યાસીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ભાઈ પ્રહલાદ પકનીકર અને ભાઈ નીજલિંગપ્પાએ કન્નડ ભાષામાં ટ્રેનીંગ પ્રોગ્રામ યોજ્યો હતો. બધા જ અભ્યાસીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સંચાલકો દ્વારા પૂછવામાં આવેલા સવાલોના જવાબો આપ્યા હતા.

૩૦મી ઓગસ્ટે, ગુલબર્ગ જિલ્લાના સેદામ કેન્દ્રના ૩૯ અભ્યાસીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ભાઈ શ્રી નીજલિંગપ્પાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. બધા જ અભ્યાસીઓ ધ્યાનપૂર્વક સાંભળતા હતા અને તેમની જાગ્રતતા જાણવા માટે વક્તાઓ દ્વારા સમયાંતરે પૂછવામાં આવેલા સવાલોના જવાબો આપતા હતા. વિવિધ સવાલોનું સ્પષ્ટીકરણ થયું હતું.

૬ઠ્ઠી સપ્ટેમ્બરે, આંધ્રપ્રદેશના કકીનાડા કેન્દ્રમાં એટીપી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં આ પ્રકારનું આયોજન પહેલી વખત કરવામાં આવ્યું હતું. આ વિસ્તારના, એસએમઆરટીઆઈના કોઓર્ડિનેટર ભાઈ નાગેશ્વર રાવ દ્વારા

સાધનાને અનુલક્ષીને વિવિધ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. સ્પષ્ટિકરણ માટે જુદો જુદો સમય ફાળવવામાં આવ્યો હતો. જેમાં અભ્યાસીઓએ ઊત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ધ્યાન અને સફાઈ, સ્મરણ અને મનન, ગુરુ અને ઈશ્વર વચ્ચેના તફાવતો વિષે અભ્યાસીઓ દ્વારા સવાલ પૂછવામાં આવ્યા હતા. ચારિત્ર્ય નિર્માણ અને તે શા માટે આપણી અંગત જવાબદારી છે કે જેની ઉપર તાજેતરમાં પૂ.માસ્ટર ભાર આપે છે, તે સમજાવવામાં આવ્યું હતું.

બધા જ કેન્દ્રો દ્વારા સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યું કે આ ટ્રેનીંગ પ્રોગ્રામમાં સહજ માર્ગ સાધનાના કોઈપણ મુદ્દાને બાકાત રાખવામાં આવતો નથી. જો કે આ કાર્યક્રમ નવા અભ્યાસીઓ માટે હતો, પણ તે ઘણા વખતથી સાધના કરતા જૂના અભ્યાસીઓ માટે પણ લાભદાયી રહ્યો. તે જરૂરી છે કે આપણે મૂળ તત્વો તરફ પાછા ફરીએ, જેથી આપણે આપણામાં સુધારો લાવીએ અને સાધનાની સમજને તાજી કરીએ.



# શ્રી રામચંદ્ર મિશન
# એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

નવેમ્બર ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે જ વર્ષ ૨ અંક ૬


## એચ.પી.સી મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઈનસ્ટીટ્યુટ, પૂના

પૂના જિલ્લાના પીમ્પરી-ચીંચવાડના અભ્યાસીઓ દ્વારા, ૨૮ સપ્ટેમ્બરના રોજ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન, નીગડીના કર્મચારીઓ માટે એક ટ્રેનીંગ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. ભાઈ સકસેનાએ 'સંતુલિત જીવન કેવી રીતે જીવવું', તે વિષય ઉપર પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેનારા ૫૦ સભ્યોના સવાલો ના જવાબો આપવામાં આવ્યા હતા અને તેમને સહજ માર્ગ સાધના વિષે સમજણ આપવામાં આવી હતી.

## સ્ટડી ગ્રુપ, ઈન્દોર, મધ્ય પ્રદેશ



૧૩ સપ્ટેમ્બરના રોજ, ઈન્દોર કેન્દ્ર દ્વારા, બાબુજી મહારાજ ના પુસ્તક 'મેસેજીસ યુનિવર્સલ'ના સમૂહવાંચનનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૩૫ અભ્યાસીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ભાઈ તન્વરે, બાબુજી મહારાજના સંદેશામાંથી તેઓ શું શીખ્યા તેની જાણકારી આપી હતી. અભ્યાસીઓને તે સ્પષ્ટ થયું કે સમર્પણ એ બહારથી કરવાની ક્રિયા નથી પણ અંદરની ઈચ્છાથી થતી ક્રિયા છે. તેમના સંદેશામાં ભાર મૂકવામાં આવ્યો હતો કે અભ્યાસીઓએ ગુરુજીએ આપેલી આંતરિક અવસ્થા સાથે સુમેળ ધરાવતા ચારિત્ર્યનું નિર્માણ કરવું જોઈએ.

## સરાઈગ્રામ અને વિંધ્યાનગર, મધ્યપ્રદેશ

૧૧મી સપ્ટેમ્બરે સરાઈગ્રામમાં, જબલપુરના એક ફેકલ્ટી જૂથ દ્વારા, સહજ માર્ગ સાધનાના જરૂરી તત્વો વિષે ઓડિયો-વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યું હતું, જેમાં ૩૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. બહેન સુનિતા શુકલાએ ધ્યાન અને સહજ માર્ગના દસ નિયમો વિષે વિગતવાર સમજાવ્યું, બહેન અર્ચના કેસકર પ્રાર્થના અને ડાયરી લેખન વિષે બોલ્યા અને બહેન ક્રિષ્નાએ સફાઈ અને સતત સ્મરણને વણી લીધા. આ પછી ભાઈ આર.કે.વ્યાસ દ્વારા પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી.

વિંધ્યાનગર ખાતે, 'સહજ માર્ગ-એક અવલોકન' વિષયના કાર્યક્રમમાં ૫૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. ભાઈ નાયકજી દ્વારા તાલિમ પામેલાં બાળકોએ મૂલ્યો ઉપર આધારિત પ્રભાવશાળી રજૂઆત કરી હતી. ફેકલ્ટી જૂથને લાગ્યું કે તેઓ અહીં કંઈક શીખવાડવા માટે આવ્યા હતા, પણ તેના બદલે તેઓ કંઈક વધારેશીખ્યા હતા.



## ઉત્તર મહારાષ્ટ્ર મુલાકાત

૧૯ અને ૨૦ સપ્ટેમ્બરે ભાઈ વૈદ્ય, ભાઈ તિલુ અને ભાઈ ગિરિષે કેટલાક અભ્યાસીઓ સાથે ઉત્તર મહારાષ્ટ્ર અને ગુજરાતની સરહદ ઉપર આવેલાં થોડા કેન્દ્રોની મુલાકાત લીધી હતી. તેમણે સત્સંગનું સંચાલન કર્યું હતું, ત્યાંના અભ્યાસી ગ્રુપ સાથે ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કર્યું અને પ્રશ્નો અને શંકાઓના સ્પષ્ટીકરણ માટે ચર્ચા વિચારણા કરી.

આ ગ્રુપે, નંદુરબાર, જલગાંવ અને ભૂસાવળની મુલાકાત લીધી. આ આખા પ્રવાસ દરમિયાન તેઓ પૂ.માસ્ટરના સતત સ્મરણમાં રહ્યા હતા અને તેમનાં હૃદય માસ્ટર પ્રત્યેના પ્રેમ અને કૃતગ્નતાથી ભરેલાં હતાં. આ મુલાકાતથી આ કેન્દ્રોના અભ્યાસીઓમાં આનંદ અને ખુશીનું વાતાવરણ સર્જાયું હતું.

## મિશનની પ્રથમ વર્ષગાંઠ, ભદ્રાવતી, કર્ણાટકા



૧૧મી ઓકટોબર, શિમોગા જીલ્લાના ભદ્રાવતી કેન્દ્રની પહેલી વર્ષગાંઠ હતી. વર્ષ પહેલાંના થોડા અભ્યાસીઓમાંથી વિકાસ થઈને આ કેન્દ્રમાં ૪૦થી વધુ અભ્યાસીઓ છે. સ્થાનિક અભ્યાસીઓના ઉત્સાહ, બહારગામના પ્રશિક્ષકોની મુલાકાત અને મુખ્ય તો પૂ.માસ્ટરના આશીર્વાદના કારણે આ શક્ય બન્યું છે.

સત્સંગ પછી ભાઈ સી.આર.એન.મૂર્તિ અને ભાઈ બી.એસ.રાવના પ્રવચનો હતા. ઝોન-ઈન-ચાર્જ ભાઈ શરત હેગડેએ અભ્યાસીઓને પોતાની ઉપર કામ કરવા માટે અને પધ્ધતિનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. અભ્યાસીઓએ પોતાના અનુભવો જણાવ્યા અને સાધનાના વિવિધ પાસાઓના સ્પષ્ટીકરણ માટે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. નાનાં બાળકોએ દસ નિયમો ઉપર નાની નાટિકા પ્રસ્તુત કરી હતી. ભદ્રાવતી કેન્દ્રના અભ્યાસીઓ, કે જેમણે આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું, તેઓ ખૂબ જ ઉત્સાહિત હતા અને તેઓ ભવિષ્યમાં મિશનમાં શું ફાળો આપી શકે તે બાબતે ગંભીરપણે વિચારતા હતા.

## વીબીએસઈ વર્કશોપ , જયપુર

ઓગસ્ટ ૨૩ ૨૦૦૯ના રોજ, જયપુર આશ્રમ ખાતે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૧૦૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. એસએમઆરટીઆઈ ના પ્રેઝન્ટેશનમાં બાળકોના પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમમાંથી ઉદાહરણ લેવામાં આવ્યા હતાં. ફેકલ્ટીએ ફોટાઓ અને સ્લાઈડ શો દ્વારા, સ્વચ્છતા, પ્રમાણિકતા, સત્ય બોલવું, અનુશાસન, સાદું જીવન અને ઉચ્ચ વિચારમાં માનવું અને સમયનું સંચાલન, વગેરે મૂલ્યોને સારી રીતે સમજાવ્યાં હતાં.



## વીબીએસઈ ટ્રેનીંગ – અર્નાકુલમ, કેરાલા



બાળકો ભવિષ્યનાં નાગરિકો છે અને આપણે તેમને જે મૂલ્યો આપીશું, તેની ઉપર ઘણો આધાર છે. અર્નાકુલમ કેન્દ્રમાં ૨૭મી સપ્ટેમ્બરના રોજ વીબીએસઈ ઉપર ટ્રેનીંગ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન અને પ્રસ્તુતિકરણ એસએમઆરટીઆઈના ઝોનલ કો–ઓર્ડિનેટર ભાઈ એ.માદવન દ્વારા કરવામાં આવ્યું હતું. ૭૧ અભ્યાસીઓએ અને ૧૩ બાળકોએ તેમાં ભાગ લીધો હતો. આ સમય દરમિયાન બાળકો આનંદથી ભાગ લેતાં જોવા મળ્યાં હતાં. બાળકો થોડીવાર માટે આંખો બંધ કરીને બેઠાં અને તેમણે મિશનની પ્રાર્થના કરી હતી. મૂલ્યો સાથેની વાર્તાઓ કહેવામાં આવી હતી અને તેઓ તેમાંથી શું શીખ્યા તે તેમને પૂછવામાં આવ્યું હતું. તેમના વિભિન્ન અભિપ્રાયો સાંભળવાનું ખૂબ જ રમૂજી હતું.

સ્વયંસેવકોને બાળકો માટે વીબીએસઈના વર્ગો કેવી રીતે યોજવા તેની ટ્રેનીંગ આપવામાં આવી હતી. વીબીએસઈના વર્ગો જાણકારી મેળવવા માટે નથી પણ વિવેકબુદ્ધિ વધારવા માટે છે. બાળકોને લાગ્યું કે તેમણે પણ મિશનના વિકાસકાર્યમાં સંડોવાવવું જોઈએ.

## લખનઉ આશ્રમમાં વૃક્ષારોપણ

લખનઉ આશ્રમમાં, આ ચોમાસા દરમિયાન ૧૦૦૦ વૃક્ષો રોપવામાં આવ્યા હતા તે ઉપરાંત ૨૦૦ ફળોના વૃક્ષો રોપવાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.
લખનઉ ડેવલપમેન્ટ અથોરીટીએ આ પ્રવૃતિમાં સાથ આપ્યો અને ૩૦૦ છોડ આપ્યા. ૩૦મી ઓગસ્ટના રોજ, સુભાષ પબ્લીક સ્કૂલના ૨૫૦ વિદ્યાર્થીઓએ આશ્રમની મુલાકાત લીધી હતી અને આ પ્રવૃતિમાં સાથ આપ્યો હતો.

## તિપ્તુર, કર્ણાટકામાં પ્રાદેશિક સમૂહમિલન

૧૦ અને ૧૧ ઓક્ટોબરના રોજ, સાત કેન્દ્રોના (હસન, તુમ્કુર, માધુગીરી, સી.એન.હાલી, હુલિયાર, ચિકમગ્લૂર અને તિપ્તુર) લગભગ ૧૨૦ અભ્યાસીઓએ તિપ્તુર આશ્રમમાં બે દિવસનો સેમિનારમાં ભાગ લીધો હતો, જેનો મુદ્દો હતો 'પુન: સ્વમૂલ્યાંકન'.

પહેલે દિવસે, માસ્ટરનો છેલ્લો સંદેશો સાંભળવામાં આવ્યો હતો અને સમયાંતરે અભ્યાસીઓએ પોતાનું નિરીક્ષણ કરવાની જરૂરિયાત ઉપર ચર્ચા કરવામાં ગાળ્યો હતો. સાંજના સત્સંગ પછી સુંદર વીસીડી(સી ઓફ લવ) બતાવવામાં આવી હતી. ત્યારબાદ અભ્યાસીઓએ પોતાના સહજ માર્ગના અનુભવોની આપલે કરી હતી.



અભ્યાસીઓએ બીજો દિવસ 'સેવાનું મહત્ત્વ' અને કેન્દ્રોમાં કાર્યકર્તાઓના સારા જૂથની જરૂરિયાત ઉપર ચર્ચા કરવામાં વિતાવ્યો હતો. દરેક કેન્દ્ર માટે, હવે પછીના એક વર્ષ માટેનો કાર્યક્રમ બનાવવામાં આવ્યો હતો કે જેથી તેમાંથી વિશિષ્ઠ જૂથ બનાવી શકાય. કાર્યક્રમની સમાપ્તિ સાંજના સત્સંગથી કરવામાં આવી હતી.

ભાગ લેનારાઓને આશ્રમમાં બે સુંદર દિવસ ગાળવાની તક મળી. બધાંએ આવા પ્રાદેશિક સંમેલનની જરૂરિયાત અનુભવી હતી, કે જેથી આપણું ધ્યાન આપણા લક્ષ્ય તરફ દોરાય.

## જીવનમાં ધ્યાનની જરૂરિયાત, કાશીપુર

ચન્દ્રાવતી ગર્લ્સ ડીગ્રી કોલેજમાં સપ્ટેમ્બર ૧૦ના રોજ 'જીવનમાં ધ્યાનની જરૂરિયાત' ઉપર પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧૦ જણાંએ ભાગ લીધો હતો, જેમાં કોલેજના અધ્યાપકો અને સિનિયર – બી એડ અને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ હતા.

ભાઈ ડો.આલોક ટન્ડને વિષયની રજૂઆત કરી હતી અને સામાન્ય લોકોની ધ્યાન વિષેની સમજ અને તેના તફાવત વિષે સરળતાથી સમજાવ્યું હતું. ભાઈ આર.પી.ઉમાશંકરે (સેક્રેટરી, એસઆરસીએમ) શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા, તેમણે સામાન્ય સિધ્ધિઓ માટે અને આધ્યાત્મિક સિધ્ધિઓના માટે કરવામાં આવતા ધ્યાન વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો.

વિદ્યાર્થીઓ તેમના દિવસનો કેટલો સમય અસરકારક રીતે વાપરે છે અને તેની સામે કેટલો સમય વેડફે છે તેના ઉપર મનન કરવા માટે તેમણે વિનંતી કરી હતી. તેમણે હળવા ઉદાહરણો આપીને સમજાવ્યું હતું કે આપણે જે સમય એક બીજાની નિંદા કરવામાં વાપરીએ છીએ તે સમયનો ઉપયોગ ધ્યાન કરીને આપણે તેનો લાભ લઈ શકીએ છીએ. પછી ત્યાં પ્રશ્નોતરીનો કાર્યક્રમ હતો અને ત્યારબાદ ભાઈ આલોકે સહજ માર્ગનું ટૂંકુ વર્ણન આપ્યું હતું. રસ ધરાવતા સભ્યોને પુસ્તકો અને માહિતીપત્રો આપવામાં આવ્યા હતા તેમજ તેમને પધ્ધતિની વિગતવાર જાણકારી માટે સ્થાનિક પ્રશિક્ષકોનો સંપર્ક કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.





શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર
નવેમ્બર ૨૦૦૯ માત્ર અંગત પ્રકાશન માટે જ વર્ષ ૨ અંક ૬

## યુવાનો માટેનો એડવાન્સ્ડ સેમિનાર – બેંગલોર
### ૨ થી ૪ ઓક્ટોબર



જે યુવાનોએ ઘણાં વર્ષો સહજ માર્ગમાં ગાળ્યા છે અને જેઓ પ્રેરણાને ટકાવી રાખવામાં પ્રયત્નશીલ છે, તેમને માટે આની રચના થઈ. દક્ષિણ કર્ણાટકમાંના જુદા જુદા કેન્દ્રોમાંથી લગભગ ૨૦ થી ૨૫ જેટલા ભાગ લેનારાઓને તેમના સેન્ટર-ઈન-ચાર્જ અથવા પ્રશિક્ષક દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. મોટા ભાગના અભ્યાસીઓ ૩ વર્ષથી વધારે સમયથી મિશનમાં અભ્યાસ કરી રહ્યા હતાં.

ઔપચારિક બેઠકો શરૂ થાય તે પહેલાં, દિવસની શરૂઆત પરોઢિયે ૪.૩૦ વાગે ધ્યાન, કસરત/યોગ અને સત્સંગથી થતી હતી. સવારની બે ઔપચારિક બેઠકો બાદ, ખેલકૂદ અને બે કલાકના સ્વયંસેવાના કાર્યો થતા હતા. બેઠકોમાં ભાગ લેનારાઓને માલિક, મિશન અને પધ્ધતિના વિવિધ પાસાઓના તત્ત્વનું વધુ ઊંડાણપૂર્વક આત્મનિરીક્ષણ કરવાની તક મળી હતી. તેઓને અલગ અલગ જૂથોમાં અરસપરસ ચર્ચા કરવાની અને અનુભવો કહેવાની તક મળી હતી. વિવિધ વિષયો હતા, "એક માસ્ટર, એક મિશન, એક પધ્ધતિ", "લાયક બનવા સેવા કરો", "આધ્યાત્મિકતાના પાયામાં આજ્ઞાપાલન", "આંતરિક દુનિયાની શોધમાં", "ચારિત્ર વિનાની આધ્યાત્મિકતા મૃગજળ છે" અને "સહજ માર્ગ અને આવતીકાલની દુનિયા"નો સમાવેશ થયો. ભાગ લેનારાઓમાં ભાઈચારો અને પ્રેમની લાગણી મજબૂત બની હતી.

ભાગ લેનારાઓએ કહ્યું કે તેઓ તેમના કેન્દ્રમાં આવા કાર્યક્રમોનાં મંડાણ કરશે. ભાગ લેનારાઓ અને આયોજકો વચ્ચે નિખાલસતા હતી, મંતવ્યોની આપ-લે થતી હતી અને અંદરથી મળતા જવાબોનો આનંદ જણાતો હતો.

## ઉત્તરાખંડ પ્રશિક્ષક સેમિનાર

સત્ખોલ આશ્રમ દ્વારા આયોજિત "ગુણવત્તાની સાથે સંખ્યા મેળવવી" વિષય ઉપર ૨૦મી અને ૨૧મી ઓક્ટોબરના રોજ ઉત્તરાખંડ ક્ષેત્રના ૪૧ પ્રશિક્ષકોએ બે દિવસની શિબીરમાં હાજરી આપી હતી.

પહેલા દિવસે ઝોન-ઈન-ચાર્જ ભાઈ ચુફાલએ પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન રજૂ કર્યું હતું. પછી તેમણે દરેક કેન્દ્રમાં વધુ સુધારણા માટેના ક્ષેત્રોની તલસ્પર્શી ચર્ચા કરી હતી અને દરેકનો અહેવાલ રજૂ કર્યો હતો. પ્રશિક્ષકોના અહેવાલ અને સભ્યપદની સૂચિ પરથી માહિતી તારવવામાં આવી હતી. તેમણે આશ્રમની તેમજ મેડિટેશન હોલની સંભાળ તથા માલિકની કેન્દ્રની મુલાકાત દરમિયાન ઉપયોગમાં લેવાતા પ્રમાણભૂત દસ્તાવેજોની સમજૂતી આપી હતી. એસએમઆરટીઆઈના એટીપી-સ્તર ૧ વિષે બધા પ્રશિક્ષકો સમક્ષ રજૂઆત કરી હતી.

સાંજે ભાઈ આલોકે કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ અને કાશીપુર કેન્દ્રની શ્રેષ્ઠ પ્રસ્થાપિત રીતો ઉદાહરણ સાથે રજૂ કરી હતી. પછી ઓપન હાઉસ અને આખા દિવસના કાર્યક્રમનું સંચાલન કેવી રીતે કરવું તેની રજૂઆત કરી હતી. બીજા દિવસની શરૂઆત "ઈન્ટરનેટના ઉપયોગ થકી સંદેશા વ્યવહાર"ના જીવિત નિર્દેશનથી થઈ હતી.



મિશનની વેબસાઈટ ઉપર મિશનનાં વિવિધ વિભાગો પર કેવી રીતે જવું તેનું માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. આ પછી ભાઈ એ.પી.દુરાઈનો સીક્યુરીટી બાબતો ઉપરનો અહેવાલ બતાવવામાં આવ્યો હતો અને સમજાવવામાં આવ્યો હતો.

"અભ્યાસીની ગુણવત્તામાં અને સંખ્યામાં સુધારણા" એ વિષય ઉપર જૂથસંવાદ અને રજૂઆતનું સંચાલન કરવામાં આવ્યું હતું. પૂ.માસ્ટરે હાલમાં તિરુપુર ખાતે પ્રશિક્ષકોને આપેલા પ્રવચનનાં મુખ્ય મુદ્દા રજૂ કરાયા હતા તથા તે પછી તેમણે ચિત્તુરમાં આપેલા પ્રવચનનો હિન્દી અનુવાદ રજૂ કરવામાં આવ્યો હતો.

અભ્યાસીઓની વધારે સંખ્યા પ્રાપ્ત કરવા પ્રશિક્ષકોએ "વધુ મહેનત" કરવી પડશે અને સારી ગુણવત્તા મેળવવા માટે તેમણે હૃદયપૂર્વક કામ કરવું પડશે, તેવો નિર્ણય લેવાયો હતો. સાંજના સત્સંગનું સમાપન આત્મનિરીક્ષણ તથા આત્મજ્ઞાનની બેઠકથી થયું હતું.

## જગ્ગામપેઠ– આન્ધ્રપ્રદેશની ઓપન હાઉસ



આન્ધ્રપ્રદેશના ઉત્તર ક્ષેત્ર "સી"માં કાકીનાડાથી ૩૫ કીલોમીટર દૂર લગભગ ૫ લાખની વસ્તી ધરાવતું જગ્ગામપેઠ વ્યાપારી શહેર છે. નાના કદનાં ઉદ્યોગો– જેવા કે ચોખાની મીલો, છાપરાના નળીયાનું ઉત્પાદન કરતા એકમો આ ક્ષેત્રની મુખ્ય પ્રવૃત્તિઓ છે.

સાલ ૨૦૦૬ માં આ સેટેલાઈટ સેન્ટરની શરૂઆત મુઠ્ઠીભર અભ્યાસીઓથી થઈ. પછી અભ્યાસની રીતથી પ્રેરિત થવાથી અને તેની સાદગીને કારણે નિયમિત અભ્યાસીઓની સંખ્યા વધીને ૪૦ થઈ હતી. સ્થાનિક જિજ્ઞાસુઓની પૂછપરછ બાદ ભાઈ સૂર્યનારાયણે એક ઓપનહાઉસ સભા આયોજિત કરી હતી અને લગભગ ૨૦૦ જેટલાં, બધીજ વયનાં લોકો ૧૭મી સપ્ટેમ્બર ૨૦૦૯ની સાંજે એકત્રિત થયાં હતાં.

તેમાં વિષયો હતાં, "ધર્મ બાહ્ય ઈશ્વર તરીકે તથા આધ્યત્મિકતા અંદરનાં ઈશ્વર તરીકે, આધ્યાત્મિકતાની જરૂરીયાત" વગેરે. આધ્યત્મિકતા એ મરજિયાત નહીં પણ ફરજિયાત વિષય છે તેવી ભલામણ તથા સહજ માર્ગનો અભ્યાસ બધી પરિસ્થિતિઓમાં સંવાદિતા લાવી શકે છે અને એ માનવપૂર્ણતા વ્યવહાર તરફ દોરી જાય છે, તેવા ઉપસંહાર સાથે સમાપન થયું હતું.

ભાઈ કે.ચદુસૂર્ય તથા બહેન કે.જ્યોતી તે વિષયો ઉપર બોલ્યાં જ્યારે ભાઈ ડી.ભાસ્કરરાવ તથા શ્રી વી.વેંકટ રાવે 'સહજ માર્ગનાં અભ્યાસ પછી તેમનામાં આવેલ પરિવર્તન' ઉપર વકતવ્ય આપ્યું હતું.

## કોઈમ્બતુર સેન્ટર – આખા દિવસના કાર્યક્રમો

કોઈમ્બતુર સેન્ટરે દર રવિવારને બદલે મહિનાના દર પ્રથમ રવિવારે આખા દિવસનો કાર્યક્રમ યોજવાનું નક્કી કર્યું હતું. આને કારણે માત્ર કેટલાંક નિષ્ઠાવાન અભ્યાસીઓ કરતાં હવે ઘણાં બધાં અભ્યાસીઓ ભાગ લેતા થઈ જશે. જૂના અને નવા – બધાં અભ્યાસીઓને રસ પડે તેવા વિષયોનો સમાવેશ કરીને યોજના કરવામાં આવી છે.

બાબુજી મહારાજનું કોઈ એક પુસ્તકના અમૂલ્ય શબ્દોને સમજવાથી આપણા આધ્યાત્મિક માર્ગમાં પ્રગતિ થવામાં આપણને મદદ મળે છે. અત્યાર સુધીમાં ત્રણ પુસ્તકો લેવાઈ ચૂક્યાં છેઃ એફિકસી ઓફ રાજયોગા ઈન ધ લાઈટ ઓફ સહજ માર્ગ, કોમેન્ટરી ઓન ધ ટેન મેક્સીમ્સ અને રિયાલીટી એટ ડોન (સત્યનો ઉદય). હવે પછીના મહિનાઓમાં બીજાં પુસ્તકો લેવામાં આવશે. આ પ્રવૃત્તિ સ્વયંસેવકો, વક્તાઓ, તાલીમકર્તાઓ, વગેરે માટે ઘણી ઉપયોગી છે તેમજ અભ્યાસીઓને બાબુજીનાં પુસ્તકો વાંચવા માટે પ્રેરે છે.

અન્ય અગત્યની પ્રવૃત્તિ છે, સહજ માર્ગ પર ક્વીઝ, જેમાં પદ્ધતિની રીત, મિશનનો ઈતિહાસ, ગુરુજીઓનું જીવન, વગેરે પર પ્રશ્નો ગોઠવવામાં આવે છે.

એક બીજો લાભદાયી કાર્યક્રમ હતો, "વ્હિસ્પર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ"માંથી વાંચનનો.

સહજ માર્ગના કેટલાંક મહત્ત્વનાં વિધાનો, જેમકે "માલિકને સિંહ જોઈએ છે, ઘેટાં નહીં", તેને જૂથ-ચર્ચામાં લેવામાં આવ્યા હતા, અને ત્યારબાદ પૂ.માસ્ટરના સાહિત્યમાંથી તે વિષય પર જે કહેવાયું હોય, તેનું વાંચન કરવામાં આવ્યું હતું.

## ઉત્તર કર્ણાટકનું ઓપનહાઉસ

બસાવાકલ્યાણ, બીડાર જીલ્લાની બશ્વેશ્વર અંગ્રેજી માધ્યમની શાળામાં ૧લી ઓક્ટોબરના રોજ જાહેર બેઠક યોજવામાં આવી હતી. ઉચ્ચતર માધ્યમિક શાળાના ૩૦ જેટલા શિક્ષકોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જેમાં મુખ્યત્વે બહેનો તથા શાળાના આચાર્યા શ્રીમતી નિર્મલા શેતગર હતાં. પહેલું વક્તવ્ય ભાઈ શ્રીકાંત જોશીએ "આપણી જિંદગીમાં આધ્યાત્મિકતાની જરૂરિયાત" ઉપર હિન્દીમાં આપ્યું. ભાઈ મલ્લિકાર્જુન ઉપ્પીન "માસ્ટર, મિશન અને પધ્ધતિ" ઉપર બોલ્યાં હતાં. બંને વક્તવ્યોને સારો પ્રતિભાવ મળ્યો. જિજ્ઞાસુઓને પત્રિકાઓ વહેંચવામાં આવી હતી.


બીજી બેઠક ગુલબર્ગા જિલ્લાના ચિત્તપુર કેન્દ્ર ખાતે ૧૧મી ઓક્ટોબરના રોજ લગભગ ૩૦ જેટલા જિજ્ઞાસુઓ માટે યોજવામાં આવી હતી. ભાઈ દેવેન્દ્રપ્પાએ શ્રોતાગણનું સ્વાગત કર્યું. ભાઈ ડો.ગજેન્દ્ર સિંહ 'આધ્યાત્મિકતાની જરૂરિયાત" ઉપર હિન્દીમાં બોલ્યાં હતા. ભાઈ રાજુ કશમપુરકર "માસ્ટર, મિશન અને પધ્ધતિ" ઉપર કન્નડમાં બોલ્યા. વક્તવ્યોને સારો પ્રતિભાવ મળ્યો અને બધા જિજ્ઞાસુઓએ તેમને ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા. તેમાંના કેટલાકે ઊંડો રસ દાખવ્યો હતો.

૧૩મી ઓક્ટોબરના રોજ ગુલબર્ગા રેલ્વેસ્ટેશનના સ્ટેશન પ્રબંધકના કાર્યાલયમાં લગભગ ૩૦ જેટલા રેલ્વે કર્મચારીઓ મળ્યા હતા. ભાઈ ડો.ગજેન્દ્ર સિંહે સંક્ષેપમાં આધ્યાત્મિકતા અને સહજ માર્ગની ઓળખ આપી હતી. ભાઈ શ્રીકાંત જોશીએ હિન્દીમાં સહજ માર્ગ તથા આપણાં મિશનના વિવિધ મુદ્દાઓને લગતા વિષયો ઉપર વ્યક્તવ્ય આપ્યું. ભાઈ મહેશ દેશપાંડેએ આપણાં ગુરુજીઓની શ્રૃંખલા વિષે વાત કરી સમાપન કર્યું હતું. વક્તવ્યોને સારો પ્રતિભાવ સાંપડ્યો હતો અને જિજ્ઞાસુઓએ ધ્યાનપૂર્વક શ્રવણ કર્યું હતું.







## નવીન પ્રકાશનો





માય માસ્ટર – મરાઠી




શ્રી રામચન્દ્ર મિશનના સંસ્થાપક અને પ્રમુખ લિખિત"કમ્પ્લીટ વર્કસ ઓફ શ્રી રામચંદ્ર" પુનઃમુદ્રણની આ ખાસ આવૃત્તિ ત્રણ પુસ્તકના સમૂહ તરીકે પ્રકાશિત કરાઈ છે.





Principles of Sahaj Marg-11 Tamil




Efficacy of Raja Yoga - In the Light of Sahaj Marg -




Sahaj Marg Ke Dus Niyamon Ki



Reality at Dawn Hindi



Heart to Heart Volume I - Marathi


હાર્ટ સ્પીક ૨૦૦૪ –







## બાબુજી મેમોરિયલ આશ્રમ, મુંબઈ



ભારતની વ્યાપારી રાજધાની સમાન મુંબઈમાં પૂ.માસ્ટરે બસંત પંચમીના દિવસે, ફેબ્રુઆરી ૬, ૨૦૦૪ના રોજ આશ્રમનું ઉદ્દઘાટન કર્યું હતું. આ આશ્રમ પનવેલ આશ્રમ તરીકે વધારે ઓળખાય છે કારણ કે તે પનવેલમાં છે, જે મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાનું એક શહેર છે. પનવેલ પૂના–મુંબઈના એક્સપ્રેસવે પર આવેલું છે અને તે મુંબઈથી ૨૨ કિ.મી. દૂર છે. પનવેલ આશ્રમ ૦.૭૫ એકરમાં ફેલાયેલો છે અને તે ચાંગુ કાના ઠાકુર હાઈસ્કુલની સામે છે. પનવેલ રેલવે સ્ટેશનથી ત્યાં ચાલતા જઈ શકાય છે.

જમીનના ભાવ ખૂબ ઊંચા હોવાથી મુંબઈમાં આશ્રમ બાંધવો તે એક પડકાર હતો. અભ્યાસીઓના સતત પ્રયત્નથી અને પૂ.માસ્ટરના પ્રોત્સાહન અને પ્રેરણાથી, આજે આ આશ્રમ ખૂબ સુંદર બની ગયો છે.



પૂ.માસ્ટરે જાન્યુઆરી ૨૪, ૧૯૯૯ના રોજ પનવેલ રેલવે સ્ટેશન નજીકની જમીન પસંદ કરી હતી. તેમણે તે જમીન પર સત્સંગ કરાવ્યો હતો અને જ્યારે માસ્ટરે તે જમીન આશ્રમ માટે હોવાનું નક્કી કર્યું, ત્યારે અભ્યાસીઓમાં ખૂબ જ સંતોષની લાગણી છવાઈ ગઈ હતી. પૂ.માસ્ટરે તેનું નામ બાબુજી મેમોરિયલ આશ્રમ (બીએમએ) રાખ્યું અને ભારતભરનાં પાંચ બીએમએ–માંનો તે એક છે.

તેમને માટે કાર્ય કરવાની આ અદભુત તક જેને સાંપડી, તે અભ્યાસીઓની મદદ દ્વારા બાંધકામ દોઢેક વર્ષમાં પૂરું થયું. પૂ.માસ્ટરે આશ્રમનું ફેબ્રુઆરી ૬, ૨૦૦૪ના રોજ ઉદ્દઘાટન કર્યું હતું.



આશ્રમનું મકાન બે માળનું છે, તેમાં માસ્ટરનું કોટેજ, જમવાનો ઓરડો, રસોડું અને બહેનો માટે નીચેના માળે ડોરમેટરિ, અન્ય ઓરડાઓ, ભાઈઓ માટેની ડોરમેટરિ પહેલે માળે અને મેડિટેશન હોલ બીજે માળે છે. વધારે વિકાસ માટે સીઆઈડીસીઓ દ્વારા એક એકર 'ગ્રીન ઝોન' જમીન આશ્રમને ફાળવવામાં આવી છે. તાજેતરમાં પૂ.માસ્ટરે આશ્રમના વિકાસની યોજનાને મંજૂરી આપી છે. તેમાં વધારે ઓરડાઓ બાંધવાની તેમજ બીજે માળે મેડિટેશન હોલની નજીકમાં નવું માસ્ટર્સ કોટેજ બાંધવાની યોજના છે.

મુંબઈ અને આસપાસમાં, અભ્યાસીઓનું રોજિંદુ જીવન ખૂબ જ વ્યસ્ત અને તણાવભર્યું હોય છે. સ્થાનીક અભ્યાસીઓ માટે આ એવી જગ્યા છે કે જ્યાં તેઓ તેમનો તણાવ અને રોજની ચિંતા ભૂલી જઈને, આપણા મહાન માસ્ટરની દિવ્ય અનુભૂતિમાં નિરાંત અનુભવી શકે છે અને તેથી તેઓ ત્યાં વધુ ને વધુ વખત જવા માટે રાહ જોતા હોય છે.






**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india**
**For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**

© 2009 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved.
"Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.